# એકતાની તાકાત

– કિશોરસિંહ જે. સોલંકી

સો વર્ષ પહેલાંની વાત છે. ભારતમાં ગંગા નદીનું શીતળ, નિર્મળ તથા પવિત્ર જળ વહી રહ્યું હતું. આ નદીના કિનારે સુંદર અને બગીચા સમાન એક જંગલ હતું. આ જંગલમાં મોટાં–મોટાં સુંદર વૃક્ષો હતાં. વનરાઈ ભરપૂર હતી. નદીકિનારે આ જંગલ વસેલું હોવાના કારણે ઝરણાં બારેમાસ વહેતાં રહેતાં હતાં. આ જંગલનું નામ દારૂકાવન હતું. દારૂકાવન ખૂબ વખાણવામાં આવતું હતું. કારણ કે અહીં બધાંજ પશુપંખીઓ સંપીને રહેતાં હતાં.

ક્યારેક પણ કોઈ મુશ્કેલી આવે તો તેઓ સૌ સંપીને તેનો મુકાબલો કરતા. કોઈ બહારનું પ્રાણી કે શિકારી જંગલનાં પ્રાણીઓને હેરાન કરે તો તેઓ એકબીજાની પડખે ઊભા રહેતાં. સુખ–દુઃખમાં એકબીજાને મદદ કરતાં, બધામાં સંપની ભાવના હતી.

જંગલનો રાજા સિંહ હતો. તેનું નામ સુંદર હતું. તે બધાંને સાથે લઈને ચાલવામાં માનતો હતો. તે ખૂબ જ ચતુર અને બુદ્ધિમાન હતો. તેના પર જંગલનાં પ્રાણીઓને ખૂબ જ વિશ્વાસ હતો. સુંદરરાજા ન્યાય કરવામાં પાવરધો હતો.

એકવાર જંગલમાં સભાનું આયોજન કરવામાં આવ્યું. જંગલનાં બધાંજ પ્રાણીઓને આ સભામાં ઉપસ્થિત રહેવા નિમંત્રણ આપવામાં આવ્યું. આ સભાનો વિષય હતો. ‘‘કટોકટીના સમયે કેવી રીતે સામનો કરવો ?’’ બધાં જ પ્રાણીઓ એક પછી એક પોતાના સુઝાવ આપતાં હતાં. આ સભા દરમિયાન અચાનક ખૂબ જ પવન આવવાથી, બે ડાળીઓ ઘસાવવાના કારણે તણખા થયા અને જોતજોતામાં ધીરે–ધીરે આગ પ્રજ્વલિત થઈ ગઈ. પવનના સપાટા સાથે તે, સમગ્ર જંગલમાં પ્રસરવા લાગી. બધાં પ્રાણીઓ સભામાં તલ્લીન હતાં.

સુંદરસિંહ સુધી જંગલમાં દાવાનળ લાગ્યાની વાત પહોંચી. તેણે સૌને સાથે મળીને દાવાનળને ઠારવાની સૂચના આપી. બધાં જ પ્રાણીઓ પોતપોતાની રીતે આગ ઓલવવાની કોશિશ કરવા લાગ્યાં; પરંતુ કોણ જાણે કેમ આગ કાબૂમાં આવવાનું નામ જ નહોતી લેતી. સૌ મૂંઝવણમાં મુકાઈ ગયાં હતાં કે કેવી રીતે આ મુશ્કેલીનો સામનો કરવો. આખરે ચાલાક શિયાળે બુદ્ધિ વાપરી. તેણે સસલાને અને હરણને ઝરણા પાસેથી પાણી ભરી લાવવા સૂચન કર્યું. બંને જણાં દોડવામાં ખૂબ જ ઝડપી હતાં તેથી તેમણે આ કામ ખૂબીથી નિભાવ્યું. તેઓ વારાફરતી ઝરણાં પાસેથી ખૂબ ઝડપથી પાણી લાવ્યાં. બીજાં



પ્રાણીઓ પાણી છાંટતાં. હાથીએ સૂંઢ વડે પાણી છાંટયું. બધાં જ પ્રાણીઓનો પરિશ્રમ રંગ લાવ્યો. જંગલની આગ ઓલવાઈ ગઈ. બધાંએ મુશ્કેલીનો સામનો સંપથી કર્યો અને તેમણે તેમાં જીત મેળવી. આખરે સંપની જીત થઈ.

■